અનુ. જનજાતની વિદ્યાર્થીનીઓને આવકમર્યાદાના બાધ વિના ફ્રી શીપ કાર્ડ આપવા બાબત.

**ગુજરાત સરકાર**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**ઠરાવ ક્રમાંક: શિક્ષણ/૨૦૨૦૧૮/૬૭૧/ગ**

**સચિવાલય, ગાંધીનગર.**

**તા. ૧૦/૦૭/૨૦૧૮**

<u>વંચાણે લીધા :-</u>

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૧/૦૯/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંકઃ સફક/૨૦૨૦૦૮/ ન.બા.૩૯/ગ

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૬/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ અજજ/૨૦૧૪/૫૧/ખ-૧

(૩) કમિશનરશ્રી(આ.વિ.) નો તા.૨૬/૦૬/૨૦૧૮ નો પત્રક્રમાંકઃ આવિ/શિક્ષણ/ફા.નં.૭૧૭/ ૨૦૧૭-૧૮/૮૧૪

<u>પ્રસ્તાવનાઃ-</u>

વંચાણે લીધા (૧) થી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવા બાબતનો ઠરાવ કરવામાં આવેલ. જેમાં અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓ માટે આવકમર્યાદાનું ધોરણ લાગુ પડશે નહીં તેવી જોગવાઈ કરવામાં આવેલ. વંચાણે લીધા (૨) થી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં ફ્રી શીપ કાર્ડ આપવા અંગેનો ઠરાવ કરવામાં આવેલ. જેમાં રૂ.૨.૫૦ લાખ સુધીની આવકમર્યાદાનું ધોરણ નિયત કરવામાં આવેલ. જેના અનુસંધાને, વંચાણે લીધા (૩) થી વધુ આવકવાળી કન્યાઓને ટ્યુશન ફી પુરેપુરી ચુકવવામાં આવતી હોઈ તેઓને પણ ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે તે મુજબની દરખાસ્ત કમિશનરશ્રી(આ.વિ.) કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાને અંતે આવકમર્યાદાના ધોરણને લાગુ પાડ્યા વિના વિદ્યાર્થીનીઓને ફીની રકમ ચૂકવવાની આ વિભાગની યોજનાના અનુસંધાને આદિજાતિની વિદ્યાર્થીનીઓને આવકમર્યાદાના બાધ વિના શિક્ષણ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ અજજ/૨૦૧૪/૫૧/ખ-૧ અનુસાર ફ્રી શીપ કાર્ડ આપવાનું ઠરાવવામાં આવે છે. આ અંગે વધારાનો કોઈ ખર્ચ થવાનો નથી અને વહીવટી સરળતા રહેશે.

શિક્ષણ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ અજજ/૨૦૧૪/૫૧/ખ-૧ ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર માન. નાયબ મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રી(આ.વિ.) ની તા.૧૦/૦૭/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિદ્યુત પંડ્યા) ૧૦/૭/૨૦૧૮

સરકારના સંયુક્ત સચિવ

<u>નકલ રવાના :-</u>

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (આ.વિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આદિજાતિ વિકાસ), બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ને જાણ, જરૂરી કાર્યવાહી તેમજ બહોળી પ્રસિદ્ધિ કરવા અને અનુષંગિક તમામ જરૂરી કાર્યવાહી અર્થે.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નં. ૧૧/૩, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખા અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિકારીશ્રીઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ, તમામ મદદનીશ કમિશનરશ્રીઓ, પ્રોજેક્ટ અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી,(આ.વિ.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રીઓ, કચ્છ, આહવા-ડાંગસહિત તમામ (કમિશનરશ્રી, (આ.વિ.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત)
- સિલેક્ટ ફાઇલ.